
## વડીલોને વંદન
## અભિનંદન



પટેલ ઈશ્વરભાઈ જોઈતારામ
(૧૯૩૭) મો.૯૮૨૫૪૮૭૭૫૩

## હાથમતી ડેમમાંથી અજાણ્યો મૃતદેહ મળ્યો

હિંમતનગર તાલુકાના બામણા ગામ પાસે આવેલ હાથમતી ડેમમાંથી સોમવારે એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા તે અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. બામણા ગામના સંજયભાઈ નટવરભાઈ વાલ્મીકીએ સોમવારે બપોરે હાથમતી ડેમમાં એક અજાણી મહિલા (ઉ.વ. ૬૦)નો મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યાર બાદ તેમણે તરત જ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેથી પોલીસે મૃતદેહનો કબજો લઈ તેની ઓળખવિધિ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ડીસામાં ઠંડા પીણાના નામે વેચાતું ઝેર

ડીસા, તા. ૨૪

ઉનાવાની કાલઝાળ ગરમીનો પ્રારંભ થતાં જ ડીસા શહેરમાં ઠેર ઠેર ઠંડા પીણાની હાટડીઓ અને પેપ્સીઓની ફેકટરીઓ મંડાઈ છે. જેમાં ઠંડા પીણાની બોટલોમાં કચરો જોવા મળી રહ્યો છે. ઠંડા પીણાની બનાવટમાં વપરાતું પાણી ગંદુ અને આરોગ્ય માટે લાલબત્તી સમાન હોવાનું પુરવાર થઈ રહ્યું છે.

ડીસા શહેરમાં ઠંડા પીણાની ફેકટરીઓનો રાફડો ફાટયો છે. નીતનવા નામવાળી બ્રાન્ડ બજારમાં આવી ગઈ છે. આ બ્રાન્ડ કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે બાબતે તપાસવાનો તંત્રને સમય નથી. ઠંડા પીણાના નામે લોકો નર્યું ઝેર ગટગટાવી રહ્યા છે. ઠંડા પીણામાં વપરાતું પાણી એકદમ ગંદુ હોય છે તેમાં કચરો તેમજ જીવજંતુ હોય છે. ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં એક પાર્લરમાંથી ખરીદવામાં આવેલ ઠંડા પીણાની 'રોશની' નામની બ્રાન્ડમાં કચરાની સાથે મરેલ જીવજંતુઓ દેખાતા સૌ કોઈ ચોંકી ઉઠયા હતા. આ બ્રાન્ડ ડીસાની એક ફેકટરીમાં બને છે. આથી આ બોટલનો આરોગ્ય વિભાગમાં બ્લોક હેલ્થ ઈન્ચાર્જ ઓફીસર ઝવેરી સમક્ષ નમુનો રજુ કરવામાં આવ્યો હતો. તેમણે આ બાબતની ગંભીર નોંધ લઈ ડીસા પાલિકાના ફુડ વિભાગને કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

## લયબધ્ધ શ્વસનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારીરિક, માનસિક, આધ્યાત્મિક) નો નિઃશુલ્ક કાર્યક્રમ તારીખ ૨૭-૩-૨૦૧૫ થી તા. ૨૯-૩-૨૦૧૫ દરમિયાન સવારે ૮-૦૦ કલાકે બલરામ મંદિર, ભોંયતળિયે (હોલમાં), સે-૧૨ ગાંધીનગર યોજાનાર છે જેનો લાભ લેવા નગરજનોને ભાવભર્યું આમંત્રણ છે.

## ગોલવાડાની સીમમાંથી રૂ. ૧.૧૨ લાખના એરંડા ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૪

ઈડર તાલુકાના ગોલવાડા ગામની સીમમાંથી તાજેતરમાં રૂ. ૧.૧૨ લાખના એરંડા અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે તેજપુર ગામના વિજયાબેન પ્રેમજીભાઈ પરમારે આ વર્ષે એરંડાની ખેતી કરી હતી. જો કે આ જમીન વિવાદિત બનતા તે અંગે ઈડર પ્રાંત કચેરીમાં કેસ ચાલે છે. પરંતુ વિજયાબેને એરંડાની ખેતી કર્યા બાદ તાજેતરમાં ભાવેશકુમાર મગનભાઈ પરમાર, જેઠીબેન ભીખાભાઈ પરમાર તથા ભીખાભાઈ પરમારે તા. ૧૬ માર્ચના રોજ ટ્રેક્ટરમાં રૂ. ૧.૧૨ લાખના એરંડા કાપીને લઈ ગયા હતા. જેથી વિજયાબેન સોમવારે ત્રણેય જણા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાંથી સેન્ટીંગનો સામાન ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એક સોસાયટીમાંથી તાજેતરમાં રૂ. ૧૫ હજારનો સેન્ટીંગનો સામાન ચોરાયાની ફરિયાદ સોમવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે મોતીપુરા વિસ્તારમાં આવેલ શરણમ સોસાયટીમાં રહેતા નિતીનભાઈ ચનાભાઈ પીપરવાનો સેન્ટીંગની લોખંડની ૭૫ પ્લેટ, ૧૨ કોલમ અને ત્રણ ખપેડાની ગત તા. ૧૯ માર્ચના રોજ અજાણ્યા શખ્સોએ આવી ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે નીતિનભાઈએ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કમાલપુરની દાઝી ગયેલી મહિલાનું મોત

હિંમતનગર, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામની એક મહિલા ગત તા. ૧૭ માર્ચના રોજ દાઝી જતા તેણીને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાઈ હતી. જ્યાં તેણીનું સોમવારે મોડી રાત્રે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે સિવિલના તબીબે ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં જાણ કરી હતી.

કમાલપુર ગામે રહેતા રમીલાબેન રાકેશભાઈ રાવળ (ઉ.વ.૩૦) ગત તા. ૧૭ માર્ચના રોજ અગમ્ય કારણોસર દાઝી ગયા હતા. જેથી તેણીને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં સાત દિવસ બાદ સારવાર દરમિયાન સોમવારે મોડી રાત્રે મોત નિપજ્યું હતું. જે અંગે સિવિલના ડૉ. આર.કે. વર્માએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# મોડાસા રૂરલ પોલીસે ૧૬ લાખની લૂંટનો ભેદ ઉકેલ્યો

### મોડાસામાં ૬ માસ અગાઉ ટ્રકમાંથી ૧૬ લાખથી વધુના મુદ્દા માલની લુંટ થઈ હતી : પોલીસે આરોપીઓ સાથે જપ્ત કરેલ મુદ્દામાલ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનમાં ૬ મહિના અગાઉ દિલ્હી સ્થિત ન્યુ શેખાવત ટ્રાન્સપોર્ટના ટ્રક ડ્રાયવર એ બે અજાણ્યા ઈસમોએ ટ્રકમાં પેસેન્જર તરીકે મુસાફરી કરી ડ્રાયવરને બેભાન કરવાનો પદાર્થ સુંઘાડી બેભાન કરી ટ્રકમાંથી વિવિધ કંપનીઓના માલની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા જયારે ટ્રક ચાલકને ભાન આવતાં ટ્રક ચાલકે આ અંગે મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.


દિલ્હીની ન્યુ શેખાવત ટ્રાન્સપોર્ટની આયશર ગાડી નં. આરજે-૧૪-જીડી-૪૮૨૫નો ડ્રાયવર જયપુરની દિલ્હી રાજસ્થાન ટ્રાન્સપોર્ટમાંથી માલસામાન ભરી સુરત આવેલી તેમની શાખામાં જઈ રહ્યો હતો ત્યારે ભિલોડાના શામળાજી નજીકથી બે અજાણયા ઈસમોએ પેસેન્જર તરીકે બેઠા હતા ત્યારે ટ્રક ડ્રાઈવર અનિરસીંગ રેવલસિંહ રઠોર (રહે. પીપરા રાજસ્થાન)ને થાક લાગતાં ગાજણ આગળ ડ્રાયવરનો વિશ્વાસ સંપાદન કરી પેસેન્જર પૈકીના એક ઈસમે ટ્રક હંકારી હતી ત્યારે આરામ કરી રહેલા ડ્રાયવરને પૂર્વ કાવતરા રૂપી બેભાન કરવાનો પદાર્થ સુંઘાડી બેભાન કરી ટ્રકમાંથી વિવિધ કંપનીઓનો ૧૬,૬૧,૧૯૦ના માલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા જયારે ટ્રક ચાલકને હોંશ આવતા ટ્રકમાંથી ચોરી થયાની જાણ થઈ. આ અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે અમદાવાદ જિલ્લાના ચાંગોદર પોલિસ સ્ટેશનમાં ધરપકડ કરાયેલા આરોપીઓ રમેશભાઈ જોગાભાઈ જાદવ (ખડોલી તા. મેરઠ યુ.પી.) અને ઈશ્વરલાલ તુલસીરામ ગુર્જર ઉ. ૩૦ (તરસાલી ચોકડી, વડોદરા) મૂળ રહે. ગોરધમપુરા જી. ભીલવાડા રાજસ્થાનએ મોડાસા નજીક કરેલી ટ્રકમાંથી ચોરી કબુલી હતી અને ટ્રકમાંથી ચોરેલો મુદ્દામાલ સુવાલાલ લાલજીભાઈ પંચાલ (રહે. જીવણનગર, વાઘોડીયા, વડોદરા)ના ગોડાઉન પર સંતાડવામાં આવ્યો હતો.





(તસવીર : જય અમીન, મોડાસા)

આ અંગે મોડાસા રૂરલ પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી ચોરી કરેલા માલ પૈકીનો ૩,૭૩,૫૦૦નો મુદ્દામાલ સુવાલાલ લાલજીભાઈ પંચાલના સરદાર એસ્ટેટ વડોદરા પાસે આવેલા ગોડાઉનમાંથી જપ્ત કરવામાં આવ્યો હતો. જયારે ૧૨,૮૭,૬૯૦નો મુદ્દામાલ રીકવર કરવાનો બાકી હોવાથી મોડાસા કોર્ટમાંથી ૬ દિવસના રિમાન્ડ માંગી બાકી રહેલા મુદ્દામાલ રિકવર કરનાર અને આરોપીઓ દ્વારા બીજા કોઈ આવા ગુન્હાઓને અંજામ આપવામાં આવ્યો છે કે નહિ તે જાણવા ચક્રો ગતિમાન કર્યા હતા.




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## લિભોઈ પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

મેઘરજના લિભોઈ ગામે સ્થિત આદર્શ પ્રાથમિક શાળામાં બાળ તથા લાઈફ સ્કીલ મેળો યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ કરવામાં આવેલી વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયું હતું. આ બાળ મેળામાં શાળાના વિદ્યાર્થીઓએ સુંદર રંગોળી, મહેંદી, માટીકામના રમકડા, ભરત ગૂંથણ સહિતની અનેક ચીજવસ્તુઓના નમૂના તૈયાર કરી અનેરૂ પ્રદર્શન રજુ કર્યું હતું. આ મેળામાં શાળાના શિક્ષક ભરતભાઈ પટેલ, કનુભાઈ પટેલ, નિખિલ જોષી, ગીતાબેન રાઠોડ વગેરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ઊંઝાના ભાંખર ગામે પરંપરાગત ચૈત્રી સુદ સાતમનો ભવ્ય લોકમેળો યોજાશે

ઊંઝા, તા. ૨૪

ઊંઝા તાલુકાના ભાંખર ગામે આવેલ ઐતિહાસિક શ્રી આગિયાવીર વૈતાલ અને શ્રી હરસિધ્ધ માતાજીના મંદિરે પરંપરાગત રીતે ચૈત્ર સુદ-૭ને ગુરુવાર તા. ૨૬-૩-૨૦૧૫ના રોજ ભવ્ય લોકમેળો યોજાશે. આ દિવસે સાંજે ૬.૩૦ કલાકે રથ નીકળશે. રાત્રે ૧૦.૩૦ કલાકે માંડવી કાઢવામાં આવશે.

ભાંખરમાં સુપ્રસિધ્ધ શ્રી આગિયાવીર વૈતાલને શ્રી હરસિધ્ધ માતાજીના ધાર્મિક સ્થાનકો સદીઓ પુરાણા ગણાય છે. લોકવાયકા મુજબ લાખા વણઝારાને બાળકના રૂપમાં શ્રી આગિયાવીર વૈતાલે પરચો આપ્યો હતો. જેની યાદમાં લાખા વણઝારાએ મંદિર બંધાવ્યું હતું. આ મંદિરનો પુનરોધ્ધાર પાટણના સોલંકીએ કર્યો હતો. લોકમાતા પુષ્પાવતીની કુખમાં વસેલા આ સ્થાનકે દર વર્ષે ચૈત્ર સુદ સાતમના દિવસે લોકમેળો ભરાય છે.


મેળામાં દૂર દૂરથી ઘણી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે અને બાધા માનતા કરે છે. આમાં તલનું તેલ જ ચઢાવવામાં આવે છે તેની સાથે ગોળ, સાકર તથા શ્રીફળ પણ ચઢાવાય છે. રથ ચારે દિશામાં ફરે છે. રથને ૧૦.૩૦ કલાકે બત્રીસ મશાલોથી ઝળહળતી માંડવી કાઢવામાં આવે છે. રાત્રે મેળામાં ઢોલના અવાજ તથા માનવ મહેરામણની કિકિયારીઓના અવાજથી એક અનોખું વાતાવરણ સર્જાય છે.

લોકવાયકા પ્રમાણે કોઈ આસુરી શકિત ગામમાં ઉપદ્રવ કરતી હતી જેને આગિયાવીર વૈતાલે હણી હતી તેનું કપાયેલું મસ્તક ઉછળતું હતું જેથી તેને શાંત કરવા માટે લોકોએ લાકડીઓ વડે પ્રહારો કર્યા હતા. આ કરવઠા મુજબ મેળામાં લોકો મંદિરના ચોકમાં લાકડીઓના પ્રહારો કરી પ્રસંગને પુનઃ જીવિત કરે છે. મંદિરમાં આગિયાવીર વૈતાલની પ્રતિમા વિલક્ષણ છે. અગ્નિની જવાળાઓ વચ્ચે આરૂઢ થયેલા છે. હાથમાં દંડ ગ્રાહ્યો છે. બાજુમાં આદ્યશકિત હરસિધ્ધ માતાજીના પ્રતિમા ખૂબ દર્શનીય અને મનોહર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના ટ્રસ્ટીઓ તથા ગ્રામજનોએ મેળાનું આયોજન કરેલ છે.

## વિજયદાન દેથાની કથા પર નાટક સરાય રહેશે

પ્રસિદ્ધ સાહિત્યકાર-નાટયકાર વિજયદાન દેથાની મૂળ કથા અમીત લાલસા પર આધારિત સરાય નાટકની ૨૭ માર્ચ, ૧૫નાં રોજ વિશ્વ રંગભૂમિ દિને રજૂઆત થશે. મૂળતઃરાજસ્થાની પરિવેશમાં રચાયેલી એક કુંભાર પરિવારની કથા સરાયમાં છે. રામધન કુંભાર, તેની પત્ની ધનિયા અને તેમનો પુત્ર રામુ એક શેઠની બનાવેલી ધર્મશાળામાં યાત્રાળુઓની સેવા કરે છે. સેવાથી પ્રસન્ન એક શેઠ પરિવાર રામુને દિશાવળ લઈ જાય છે. રામુનાં ઉજ્જવળ ભવિષ્ય માટે ધનિયા અને રામધન આ માટે તૈયાર પણ થઈ જાય છે. સરાય નાટયનો રસપ્રદ વળાંક અહીંથી શરૂ થાય છે. જબલપુરની રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાડ સંસ્થા સમાગમ રંગ મંડળનાં દિગ્દર્શક આશિષ પાઠકની દિગદર્શનની અજોડ કાબેલિયત રજૂ કરતું સરાય નાટય રાજકોટનાં રંગભૂમિ પ્રિય પ્રેક્ષકોનો અપાર સ્નેહ મેળવીને આવ્યું છે.

## શબ્દાવલી - ૫૬૮૦




### આડી ચાવી

૧. પતિ, વર (૪)
૪. દીવો, દિપક (૩)
૬. પરંતુ (૨)
૭. કુવો, વાવ (૩)
૯. હૃદયનું ધડકવું તે, થડકારા (૪)
૧૧. બળ, સાસ (૨)
૧૩. જવું તે, સિધાવવું (૩)
૧૫. સાબુને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૭. જન્મ દિવસની ઊજવણીમાં... કપાય (૨)
૧૯. સોગન, કસમ (૨)
૨૧. હિંસક પ્રાણી (૨)
૨૨. એક પવિત્ર મનાતુ વૃક્ષ(૨)
૨૩. લાકડા વગેરે કાપવાનું એક ઓજાર (૪)
૨૪. બટવો, નાનું પર્સ (૩)

### ઊભી ચાવી

૧. બીક લાગે તેવું (૪)
૨. સાચવવા આપેલ વસ્તુ(૩)
૩. રેતનું મેદાન (૨)
૪. મહારાણા પ્રતાપનું રાજય (૫)
૮. ગણેશ, ગણપતિ (૪)
૮. બર્તન, પાત્ર, ઠામ (૩)
૧૦. ઓછું, સાથે (૨)
૧૨. રાક્ષસોને ઉચિત હોય તેવું (૫)
૧૪. કળતર, શૂળ, આંતરિક પીડા (૩)
૧૬. ભાળ, સગડ (૨)
૧૭. નાવિક, ખેવૈયા (૩)
૧૮. લીમડો... ખરો પણ નરવો બહુ (૩)
૨૦. જા ટળ, જા..., જતો રહે જેવો ભાવ (૨)

### શબ્દાવલી ૫૬૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાયમાલ (૩) બખોલ (૫) બરફ (૬) શરાફત (૭) તનાવ (૯) બરકત (૧૧) મરફી (૧૨) ગરિમા (૧૩) માપ (૧૪) જહા (૧૫) કદાચ (૧૬) બસ (૧૭) વિજ (૧૮) પસ્તી

**ઊભી ચાવી :-** (૧) પાડોશણ (૨) મારફત (૩) બરતરફી (૪) ખોફનાક (૮) વતનપરસ્તી (૯) બરકંદાજ (૧૦) પરિહાસ (૧૨) ગજબ (૧૫) કવિ

## દેમતી ગામેથી દેશી તમંચો પકડાયો

હિંમતનગર, તા. ૨૪

પોશીના તાલુકાના લાબંડીયા પાસે આવેલ દેમતી ગામના રોજગઢા ફળિયામાંથી સોમવારે ખેરોજ પોલીસે એક શખ્સના ઘરમાંથી પાસ પરમીટ વગરનો દેશી તમંચો ઝડપી લીધો હતો. ત્યારબાદ તેની વિરૂદ્ધ ખેરોજ પી.એસ.આઈ.એ ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દેમતી ગામના રોજગઢા ફળિયામાં રહેતા લક્ષ્મણભાઈ પરમાર પાસ પરમીટ વગર તમંચો રાખે છે. જે આધારે સોમવારે પી.એસ.આઈ. સી.વી. નાયકે દેમતી ગામે જઈ લક્ષ્મણભાઈ ફાકળાભાઈ પરમારના ઘરની જડતી લીધી હતી. જ્યાં તપાસ દરમિયાન તેમના ઘરે મકાઈના કોઠારમાં છુપાવેલી અને હાથ બનાવટનો દેશી તમંચો લોડ કરેલો મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે અંદાજે રૂ. ૫ હજારની કિંમતનો તમંચો જપ્ત લઈ લક્ષ્મણભાઈ પરમારની ધરપકડ કરી લીધી હતી અને તેમની વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# ફુટેજમાં વિદ્યાર્થી-નિરીક્ષકો ગેરરીતિ આચરતા દેખાયા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી હતી. બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત આ પરીક્ષા ૯૫ ટકા પરીક્ષા કેન્દ્રો ઉપર સીસીટીવી કેમેરા લગાવીને લેવામાં આવી છે. ત્યારે આ તમામ વિડીયો ફુટેજ ચકાસવાની જવાબદારી શાળાના આચાર્યોને સોપવામાં આવી છે. તપાસ કામગીરી દરમિયાન ઘણી શાળાઓમાં પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ એક બીજાને પૂછી રહ્યા હોય છે તે જોવા છતાં નિરીક્ષકો દ્વારા આંખ આડા કાન કરતાં કેમેરામાં નજરે પડી રહ્યા છે. પ્રાપ્ત થતિ માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે બોર્ડની પરીક્ષાના તમામ કેન્દ્રોની સીસીટીવી અને ટેબલેટ મારફતે વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું છે. આ રેકોર્ડ કરેલ વિડીયો ફુટેજની ચકાસણી માટે વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ તથા ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી જે શાળાઓમાં પરીક્ષા કેન્દ્રોની કામગીરી બોર્ડ દ્વારા ફાળવવામાં આવી નથી તેવી શાળાના આચાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જેવા સેન્ટરો ખાતે વિડીયો ફુટેજ નિરીક્ષણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ૧૭ માર્ચથી હાથધરાયેલ આ કામગીરી દરમિયાન જે શાળામાં બોર્ડની પરીક્ષા દરમિયાન જે શાળાં બોર્ડની પરીક્ષા દરમિયાન ગેરરીતી આચરવામાં આવી રહી છે તે કલાસના વિડીયો ફુટેજ અલગ તારવવામાં આવી રહ્યા છે. આ વિડીયો ફુટેજની ચકાસણીની કામગીરી દરમિયાન ઘણી શાળાઓમાં પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ એક બીજાને પૂછી રહ્યા હોય તે જોવા છતાં નિરીક્ષકો દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાનું નજરે પડી રહ્યું છે.

## માતાને કાંધ આપી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડાહીબેનના પતિ આત્મારામભાઈ વાળંદનું વર્ષ-૨૦૦૬માં અવસાન થતા આભ ફાટ્યા જેવી પરિસ્થિતિ સર્જાઈ. દિકરીઓ સાસરે, પતિનું મોત અને અંતિમ દિવસોમાં શરીરે પણ સાથ ન આપતા લકવો થયો. લકવા બાદ માતાની સાર સંભાળ સેક્ટર-૨માં રહેતી પુત્ર સમાન ત્રણ દિકરીઓ મીનાબેન, રંજનબેન અને સરોજબેને નક્કી કર્યું છે. માતાની સાર સંભાળ છેલ્લી ઘડી સુધી કરીશું.

૮૭ વર્ષના ડાહીબેનનું અવસાન થતા પોતાની પુત્રીઓ, જમાઈ, દોહિત્ર, ચોધાર આસુએ રડતા હતા. પોતાને ભાઈ ન હોવાના કારણે મીનાબેન, રંજનબેન અને સરોજબેને રડતી આંખે માતાની નનામીને કાંધ આપી અને મુક્તિધામમાં મુખાગ્ની આપી દિકરાની જગ્યાએ માતૃઋણ અદા કર્યુ. મીનાબેન, સરોજબેન અને રંજનબેને સમાજમાં દાખલો બેસાડ્યો છે. પુત્ર મોહમાં અંધ માતા પિતા એક પુત્રીને માતાની કુખમાં જ રહેશી નાખે છે. ત્યારે દિકરી પણ દિકરાથી ઓછી નથી તેવો સંદેશ આપ્યો છે.

## હિટવેવ યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો અનુભવાઈ રહ્યો છે. એક સમયનું લીલુછમ્મ હરિયાળુ પાટનગર હવે રાજયનું મહત્તમ ઉષ્ણતામાન ધરાવતું શહેર બની ગયુ છે. એટલું ઓછું હોય તેમ સરકાર દ્વારા હજુ પણ પંચામૃત ભવનના નિર્માણ માટે હજ્જારો વૃક્ષોનું નિકંદન કાઢવાની તૈયારીઓ કરાઈ રહી છે ત્યારે આવનારા સમયમાં નગરજનોને સૂરજદેવની અગન વર્ષાથી કોણ બચાવી શકશે તે યક્ષ પ્રશ્ન ઉપસ્થિત થવાનો છે.

## ભાવના મામલે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેદનપત્ર આપવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે આગામી ૨૭ એપ્રિલે આ મામલે મુખ્યમંત્રીને પણ આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવશે.

ભારતીય કિસાન સંઘની ગઈકાલે પ્રદેશ કારોબારીની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. કિસાન સંઘના સહમંત્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતુ કે જી.એમ. પાકો, ભૂમિ અધિગ્રહણ બીલ અને માવઠાથી નુકશાન ઉપરાંત પાકોના પોષણક્ષમ તેમજ ખરીદીની ગેરંટી સહીતના મુદ્દે કિસાન સંઘ દ્વારા આગામી તા. ૬ એપ્રિલથી તાલુકા-જિલ્લા મથકે આવેદનપત્ર અપાશે. તાલુકા મથકે મામલતદાર તેમજ જિલ્લા કક્ષાએ ૧૩ એપ્રિલથી સંઘ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાશે. કિસાન હેલ્પલાઈન શરૂ કરવા માવઠાથી પ્રભાવિત પાકોના નુકશાન અંગે કિસાનોને સહાયરૂપ થવાની બુલંદ માંગ સાથે આવેદનપત્રો આપવાનો કાર્યક્રમ હાથ ધરાશે. ત્યારબાદ આગામી તા. ૨૨ એપ્રિલના રોજ પાકોના પોષણક્ષમ ભાવ સહીતની માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવશે.

સંઘના પદાધિકારીઓની બેઠક દરમિયાન બટાકાના મામલે વર્તમાન સ્થિતિની સમીક્ષા વીજકંપનીના અધિકારીઓની કિસાન વિરોધી નીતિ, સહાય પેકેજ અંતર્ગત ૫૦ ટકા ધિરાણ પરના વ્યાજ મુક્તિના આદેશમાં વિલંબ સંદર્ભે પણ આક્રોશ વ્યક્તકરવામાં આવ્યો હતો. શેરડીમાં ચુકવાયેલા ભાવોમાં બોનસ પર ઈન્કમટેક્ષના મુદ્દે તેમજ સિંચાઈના દરોમાં પ્રતિવર્ષ ૭-૧૧ના વધારા સહિતના મુદ્દે સરકારને રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો.

### જાહેર નિવિદા

બીજો પ્રયત્ન

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમમાળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઉનાળાના ૪ માસ માટે એરકુલર નંગ-૪૦ ભાડે રાખવા માટે રસ ધરાવતી પેઢીઓ તરફથી એરકુલર મોડલ નંબર સહિત એક માસના ભાડાની કિંમત માટે તા. ૧૦/૪/૨૦૧૫ સુધીમાં ભાવપત્રક રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

કમિશનરશ્રી
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૬૯૬/૨૦૧૪-૧૫